
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



નવિનચંદ્ર દયાશંકર દવે
(૧૯૪૭) ફોનઃ૨૩૨૨૪૧૦૦



કવિતાબેન સુરેશકુમાર પ્રભાકર
(૧૯૪૭) ફોન. ૨૩૨૧૧૩૩૯

### એસો. ઓફ સીનીયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકની ૧૭મીએ માસિક સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

એસોશિયેશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેક ગાંધીનગરની જૂનની માસિક સભા ૧૭ જૂનના રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે સેકટર-૨૧ નયન એપાર્ટમેન્ટ ખાતે રાખવામાં આવેલ છે. તો સર્વે સભ્યોએ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

### સેકટર-૨માં ગટરો ઉભરાતાં વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૧૫

સેકટર-૨/સી માં છેલ્લા કેટલાક દિવસોથી ઉભરાય છે. ગટર ઉભરાવાની ફરિયાદ વસાહતીઓ દ્વારા તંત્રને લેખિત તેમજ મૌખિક પણ કરવામાં આવી છે. છતાં તંત્ર દ્વારા વસાહતીઓની રજૂઆતને કાને નઈ લઈ જાણે કોઈ મોટા રોગચાળાની રાહ જોતું હોય તેમ લાગે છે. આ ગટરો ઉભરાવાથી માથું ફાટી જાય તેવી દુર્ગંધ મારે છે. વસાહતીઓને રહેવું મુશ્કેલ બની ગયું છે. તંત્ર જો પોતાની આળસ ખંખેરી યોગ્ય કાર્યવાહી નહીં કરે તો સેકટર-૨-સીના વસાહતીઓ ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી રાજેન્દ્રભાઈ પારેખે ઉચ્ચારી છે.

# સરકારી પ્રાથમિક શાળામાં હવે સ્માર્ટ ક્લાસથી શિક્ષણ

## અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરકારી પ્રાથમિક શાળામાં સ્માર્ટ ક્લાસ પ્રોજેક્ટનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેકનોલોજી અને ઓડિયો-વિઝયુઅલ લર્નિંગ પ્રોસેસ દ્વારા રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ કલાસ પ્રોજેકટનું સર્વપ્રથમ લોકાર્પણ આજે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વટામણ ગામની સરકારી પ્રાથમિક શાળામાં કર્યું હતું.





કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં વટામણ ગામે આવેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્માર્ટ કલાસરૂમના આધુનિક શિક્ષણની પહેલ રાજ્યના ગ્રામવિસ્તારની સરકારી પ્રાથમિક શાળામાં શરૂ કરવાની ભૂમિકા આપી હતી. ગામની સરકારી પ્રાથમિક શાળામાં ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી અને ઈન્ટરનેટ કનેકટીવિટી ઉપલબ્ધ છે ત્યારે બદલાતા યુગમાં ગરીબનું બાળક પણ ટેકનોલોજીના માધ્યમથી સ્માર્ટ કલાસમાં ભણવાનું ગૌરવ લઈ શકશે.

દશમા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના વિરાટ જનઆંદોલનનું નેતૃત્વ કરી રહેલા નરેન્દ્રભાઈ મોદીએ આજે અમદાવાદ જિલ્લાના ધોળકા અને ધંધુકા તાલુકાની સરકારી પ્રાથમિક શાળા અને આંગણવાડીઓમાં પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના શાળામાં આગમનથી પ્રવેશોત્સવ ઉત્સવમાં અનોખી ચેતના પ્રગટી હતી. વટામણમાં નવા શાળાના ઓરડાનું લોકાર્પણ કરીને પ્રાથમિક શિક્ષણમાં સ્માર્ટ કલાસ લર્નિંગ એજ્યુકેશન ઈનોવેશન પ્રોજેકટનું નિરીક્ષણ કર્યું હતું. સરકારી ૩૨૭૭૨ પ્રાથમિક શાળાઓમાં બધી જ ઉત્તમ પ્રકારની સુવિધાઓ ગુજરાતમાં ઉપલબ્ધ છે. શિક્ષણનું ધોરણ ઉત્તમ રહે એ માટે શિક્ષકો અને ગામ સમાજની સહિયારી સંવેદના જગાવવા આખી સરકાર ૧૮૦૦૦ ગામડાં ભરઉનાળાની ગરમીમાં ખૂંદી રહી છે.

કન્યા કેળવણીને ઉત્તેજન આપવા મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિમાંથી ૮૦,૦૦૦ ગરીબ કુટુંબની કન્યાઓને સાયકલો અપાય છે અને ધો-૧ માં દાખલ થયેલી કન્યાને રૂા. ૧૦૦૦નું વિદ્યાલક્ષ્મી બોન્ડ આપીને ધો-૭ પાસ થાય ત્યારે વ્યાજ સાથે રૂા. ૨૦૦૦ લઈને કન્યા ગરીબના ઘરમાં પણ સરસ્વતી સાથે લક્ષ્મી લાવે છે એમ તેમણે જણાવ્યું હતું. રાજ્યમાં ૧૩ લાખ કન્યાઓને રૂા. ૧૩૦ કરોડના વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયેલા છે અને ધો-૭ પાસ કરીને ધો-૮માં પ્રવેશ મેળવનારને આ બોન્ડની બમણી રકમ મળે છે. બાળ શિક્ષણ અને બાળ આરોગ્ય સંભાળની આટલી કાળજી આઝાદીના ૫૦ વર્ષ સુધી કોઈ જ સરકારે લીધી નથી અને સમાજને પ્રાથમિક શિક્ષણની દુર્દશાથી પણ વંચિત રાખ્યો છે બાળકોના ભવિષ્યને રોળી નાંખવાનું અક્ષમ્ય પાપ ભૂતકાળના શાસકોએ કર્યું તેનું દોષારોપણ કરવાના બદલે સમગ્રતયા સમાજ-સરકારના સહિયારા પુરૂષાર્થથી પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

# રાજ્યભરમાં ભારે ઉકળાટ સાથે કાળઝાળ ગરમી

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં છેલ્લા બે દિવસથી પડી રહેલી કાળઝાળ ગરમી અને ભારે ઉકળાટને કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ભારે ઉકળાટ પડવા છતા પણ વરસાદ આવવાનું નામ લેતો નથી.

ગત સપ્તાહે રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ થવા પામ્યો હતો. આ વરસાદ બાદ રાજ્યમાં હવામાનમાં પાછો પલટો આવ્યો હતો અને ગરમીનો પારો ઉંચો જવા પામ્યો છે. છેલ્લા બે દિવસથી રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે અને દિવસભર ભારે ઉકળાટ ચાલુ રહેતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે.

દિવસ અને રાત્રે પણ પવન ફુંકાતો નથી અને ઉકળાટ સતત ચાલુ રહેવા પામ્યો છે જેના કારણે રાજ્યમાં વરસાદ બે ત્રણ દિવસ પાછો ખેંચાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

રાજ્યમાં આજે સવારે સાત વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના નવ જિલ્લાના ૧૭ તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડ્યા છે. દિવસભર ગરમી અને ઉકળાટ રહે છે અને સાંજ પડતા વાતાવરણ પલટાય છે તેમ છતાં પણ વરસાદ આવતો નથી. આગામી બે ત્રણ દિવસ હજુ પણ ગરમીનું જોર રહે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

આગામી ૨૪ કલાક દરમ્યાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો સામાન્ય વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. વરસાદ આવશે તેવી આશા સાથે ખેડૂતોએ પણ વાવણી માટે ખેતરો તૈયાર કરી દીધા છે. પ્રથમ સારો વરસાદ થાય તેની સાથે જ વાવણીકાર્ય ખેડૂતો હાથ ધરી દેશે.



વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે પંજાબ નેશનલ બેંક અમદાવાદ સર્કલ દ્વારા બી.એસ.એફ. કેમ્પસ ફ્રન્ટીયર મુખ્યાલય ગાંધીનગર ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમમાં બી.એસ.એફ. હેડ ક્વાર્ટર ગાંધીનગરના આઈ.જી. એ.કે. સિન્હા, ગાંધીનગર શાખાના ચીફ મેનેજર સુમેશકુમાર અને પંજાબ નેશનલ બેંક અમદાવાદ સર્કલના સર્કલ હેડ હિમાંશુ જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને છોડવાઓની વાવણી કરી હતી.

# રોગી કલ્યાણ સમિતિનો નાણાંનો થયેલ દુર્વ્યવ્ય અંગે તપાસ કરવા માંગણી

ગાંધીનગર, તા. ૧૫


ગુજરાત રાજયની સિવિલ હોસ્પિટલોમાં આરોગ્યની સેવાઓ વધારે સુદ્રઢ બને અને વધારે અસરકારક થાય તે જ હેતુથી સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ બનાવવામાં આવેલ છે. સુખી સંપન્ન લોકો પાસેથી નાણાંકીય સહયોગ મેળવીને શુભ ઈરાદાથી રોગી કલ્યાણ સમિતીની રચના કરેલ છે. પરંતુ ગાંધીનગર જનરલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિના હિસાબો જોતાં એક કમાઉ દિકરો બની ગયેલ છે. ધંધાકીય રોગી કલ્યાણ સમિતિ હોય તેમ જણાય છે. તો આ હકીકતોને સરકારશ્રીએ ગંભીરતાથી લેવાની જરૂર છે.

આ સમિતિના નાણાંનો દુર ઉપયોગ હોસ્પિટલમાં મકાન મરામત, ફર્નિચર, ચાદર-પડદાઓની ખરીદી રંગ રોગાન સાધન રીપેરીંગ ખરીદી- તાલીમ સેમીનારમાં ખર્ચ પડેલ છે. રૂપિયા ૫ થી ૫૦૦૦ સુધીની રકમ વસુલવામાં આવે છે. દર્દીઓના દુખો ઓછા કરવાને બદલે કલ્યાણ કરવાને બદલે દર્દીઓને વધારે દુખી કરવાનું કામ રોગી કલ્યાણ સમિતિ કરે છે.

રોગી કલ્યાણ સમિતિને ૨૦૧૦-૧૧માં રૂા. ૩,૪૫,૧૪૭૨૯ અને ૨૦૧૧-૧૨માં રૂા. ૨,૪૯,૮૭,૩૪૭ દાન તેમજ યુઝર્સ ચાર્જ અન્ય ગ્રાન્ટ મળેલ છે. જ્યારે સમિતિએ ફર્નિચર, મકાન મરામત વિગેરે વર્ષ ૨૦૧૦-૧૧માં રૂા. ૨,૦૮,૧૭૦૦૫ અને ૨૦૧૧-૧૨માં રૂા. ૧૦૦,૯૦૦૬૯નો ખર્ચ કરેલ છે. જ્યારે દર્દી સહાયમાં ૧૦-૧૧માં રૂા. ૧,૩૭,૩૨૧ અને ૨૦૧૧-૧૨માં રૂા. ૭૧૫૮૭નો ખર્ચ કરેલ છે. વધુ ચોકાવનારી વિગતો એવી છે કે હોસ્પિટલમાં રેડીયોલોઝીસ્ટ હોવા છતાં રીપોટીંગ માટે માનદ વેતનના રૂા. ૯૨૦૦૦ ૨૦૧૦-૧૧માં અને ૨૦૧૧-૧૨માં રૂા. ૬૬,૪૦૦ ચુકવેલ છે. તેજ રીતે વર્ગ-૧ની અને વર્ગ-૨ના અધિકારીઓ જે રોગી કલ્યાણ સમિતિમાં ૨૦૧૦-૧૧માં રૂા. ૨,૧૦,૭૯૬૨ અને ૨૦૧૧-૧૨માં રૂા. ૯૦૦૧૩૪ માનદ વેતન ચુકવવામાં આવે છે. સફાઈ સિક્યુરીટી તેમજ અનેય કોન્ટ્રાકટરોના લાખો રૂપિયાના બિલો ચુકવેલ છે. વર્ગ-૪ના કર્મચારી ૨૦૧૦માં અવસાન પામેલ છે. તેનો પગાર ચુકવેલ છે.

દરરોજ ૧૫ થી ૨૦ દર્દીઓ હોસ્પિટલમાંથી અમદાવાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે. પોસ્ટમોટમ જેવી કામ અંગેની હોસ્પિટલ કામ કરે છે. ન્યુરોસર્જન, કાર્ડીયોલોજીસ્ટ, તજજ્ઞ ડૉકટરોની નિમણુંક થતી નથી. રોગી કલ્યાણ સમિતિના નાણાંનો દુર ઉપયોગ થયેલ છે તો આ અંગેની જરૂરી તપાસ કરી જવાબદાર સામે પગલાં લેવાની માંગણી ઉઠી છે.

## પીએચ.ડી.ની પદવી મેળવી




ગાંધીનગર, તા. ૧૫

કે.બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર દિવ્યેશ હર્ષદકુમાર શાસ્ત્રીએ તાજેતરમાં ફાર્માસ્યુટીક્સમાં 'સ્ટડીશ ઓન પોલીમર જેલ એઝ એ ડ્રગ ડિલીવરી સિસ્ટમ' વિષય ઉપર ડૉ. એલ.ડી. પટેલ ડાયરેક્ટર એન્ડ પ્રોફેસર, સી.યુ. શાહ કોલેજ ઓફ ફાર્મસી એન્ડ રિસર્ચના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં રજૂ કર્યો હતો. જેને પાટણ યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે.

## ગઝલ સમ્રાટ મહેંદી હસનને શિવરંજનીએ શ્રદ્ધાંજલી અર્પી

ખ્યાતનામ પાકિસ્તાની ગઝલ સમ્રાટ મહેંદી હસનના તા. ૧૩ જૂનના રોજ થયેલ અવસાનને કારણે તે જ દિવસે યોજાયેલ શિવરંજનીની કારોબારી મિટીંગમાં અવસાન સંદર્ભે બે મીનીટનું મૌન પાળવામાં આવેલ. આ સમયે તેમના સુંદર કંઠ દ્વારા ગવાયેલા ગઝલને ગુંજતી કરીને શિવરંજની સંસ્થા દ્વારા ગઝલ સમ્રાટ મહેંદી હસનને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

## શબ્દાવલી - ૪૭૫૯



| આડી ચાવી | | ઊભી ચાવી | |
|---|---|---|---|
| ૧. સુખ સાહ્યબી | (૫) | ૧. જાસૂસી કરનાર | (૩) |
| ૪. મરેલું ઢોર | (૨) | ૨. પાંડવોને મારી નાખવા આ પદાર્થનો મહેલ બનાવેલો | (૨) |
| ૬. વેચાણ, ઉપાડ | (૩) | ૩. લીંપવું, ... કરવું | (૩) |
| ૭. કમળ, એક ફૂલ | (૩) | ૪. વધારેમાં વધારે | (૪) |
| ૯. ગધેડુ... મારે | (૨) | ૮. દીકરીનો પતિ | (૩) |
| ૧૦. મા - જનની | (૨) | ૯. ... લડાવવા | (૨) |
| ૧૧. સુગંધ, સુવાસ | (૩) | ૧૧. પાન જોડે... તો હોય જ ને | (૩) |
| ૧૨. અભિનંદન, વધામણી | (૩) | ૧૨. ... ખીચડી દાઢે વળગે | (૩) |
| ૧૪. વાવવા માટેના નાના છોડ | (૨) | ૧૩. જુવાર તથા મકાઈની બને | (૨) |
| ૧૫. ... પીણી બજાર, નાસ્તા પાણી | (૨) | ૧૪. ... ફેમીલી, ગર્ભશ્રીમંત સુખી | (૩) |
| ૧૬. કેરીની એક જાત | (૩) | ૧૬. ચાખડી, ખાસ જોડા | (૩) |
| ૧૮. ફક્ત | (૩) | ૧૭. શસ્ત્ર, ઓજાર | (૩) |
| ૧૯. બંધી, અડચણ, પ્રતિબંધ | (૨) | ૧૮. ટોપીને અંગ્રેજીમાં... કહેવાય | (૨) |
| ૨૦. નાનુ સુપડું | (૩) | ૧૯. વિકસ, દુઃખાવો મટાડવા ચોપાડાતો મલમ | (૨) |
| ૨૧. પુષ્પ, ફૂલ | (૩) | | |

### શબ્દાવલી ૪૭૫૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) આપવડાઈ (૫) જવ (૭) વગ (૮) મથળ (૧૦) દવા (૧૧) તગર (૧૩) તલસાટ (૧૫) મકર (૧૭) સુસવાટા (૧૯) ખલ (૨૦) મદાર (૨૧) મેલડી (૨૩) ઉટાટીયો

**ઊભી ચાવી :-** (૧) આવડત (૨) પગ (૩) ડામર (૪) ઈજાજત (૬) વસવાટ (૯) કરકસર (૧૦) દસા (૧૨) ગમસુદા (૧૪) લપ (૧૬) રવા (૧૮) ટામેટા (૧૯) ખડીયો (૨૦) મગ (૨૨) લટી


## સમાચાર ઝલક

- રાષ્ટ્રપતિના ઉમેદવાર માટે કરોડો સટ્ટો, ૮૦૦ કરોડનો સટ્ટો ખેલાશે.
- યુરિયાની કિંમતમાં વધારાનો નિર્ણય મોકૂફ.
- પેટ્રોલની કિંમતમાં રૂપિયા ત્રણનો ઘટાડો કરવાની હિલચાલ.
- રૂપિયો તૂટતાં નેપાળમાં ફસાયેલાં માનસરોવરના યાત્રાળુઓ.
- ટૂંક સમયમાં ૧૦૦૦ અને ૫૦૦ ની ચલણી નોટ ફાઇબર સ્વરૂપમાં જોવા મળશે.
- તા. ૧૯મી જુલાઇથી 'જાણો દુનિયા' નવી ટીવી ગુજરાતી ચેનલ શરૂ થશે.
- હવેના ૬ માસ ગુજરાત પોલીસ માટે અગ્નિપરીક્ષા જેવા બનશે.
- જૂનાગઢના સર્કિટ હાઉસમાં ચંદનના વૃક્ષો કાપીને ચોરો લઇ ગયા.
- રાજસ્થાનમાં બનેલો અજબ કિસ્સો : ભેંસને અદાલતમાં હાજર કરવી પડી, કોર્ટનાં આદેશ મુજબ.
- તા. ૧લી જુલાઇએ રાજકોટમાં નેશનલ સ્વીમિંગ ચેમ્પિયનશીપ : ૬૫૦ સ્પર્ધકો ભાગ લેશે.
- દાઉદી વ્હોરા સમાજના બાળકો શનિવારે નકોરડા ઉપવાસ સાથે અલ્લાહની બંદગી કરશે.
- અર્થતંત્રને ચેતનવંતુ કરવા કેન્દ્રની અસાધારણ મથામણ, ઉદ્યોગો માંધાતાઓ સાથે બેઠકનો દોર ચાલુ.
- કોર્ટના આદેશથી બંધ કરવામાં આવેલ છે, તે હરિયાણાના અપનાઘર બાળગૃહમાં નાના બાળકો પાસે નગ્ન યોગ - ઓરલ સેક્સ કરાવતો હતો, ખુદ પોલીસ જ ધંધો કતી હોવાનો રિપોર્ટ.
- બ્રિટનના ટેલફર્ડ શહેરમાં ૧૫ વર્ષની સ્ટેસી કમરફર્ડ નામની કિશોરી બે મહિનાથી ઊંઘતી રહી છે. પરીક્ષા ચુકી ગઇ.
- સોનામાં હાલ વન-વે પર ચાલી રહ્યું છે, રૂા. ૩૦,૪૦૦ ની નવી સપાટી.
- ભરૂચમાં ૨૪મી જૂને બ્રહ્મ ચોર્યાસીમાં ૫૧ હજાર ભૂદેવો ઉમટી પડશે.
- લંડનમાં ગટર છલકાયા બાદ ૧૦ મિનિટમાં સફાઇની કામગીરીનું નિરીક્ષક કરતાં મેયર તથા કાઉન્સીલરો.

## ચેસમાં લિટલ માસ્ટરની ઓળખ ઊભી કરતો રૂદ્ર પાઠક

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એક એવું શહેર છે જયાં લિટર સ્ટાર્સની વણઝાર છે. અહીં કોઈ ડાન્સમાં, કોઈ અભિનયમાં, કોઈ નૃત્યમાં તો કોઈ કેરમ, ચેસમાં માસ્ટરી ધરાવે છે. આપણી આ સંસ્કારી નગરીનો રૂદ્ર એસ. પાઠક આવો જ એક લિટલ માસ્ટર છે. જેણે માત્ર બે-એક વર્ષમાં જ આઠેક જેટલી સિદ્ધિઓ મેળવી પોતાનું તથા સમાજનું અને શાળાનું ગૌરવ વધાર્યું છે.



માત્ર અગિયાર વર્ષનો રૂદ્ર પાઠક ધોરણ-૬માં આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ભણે છે. તેણે ચેસની રમતમાં ખેલ મહાકુંભથી માંડીને રાજયકક્ષાની ચેસ સ્પર્ધામાં ઈનામો મેળવ્યા છે. ગુજરાત સરકારના ખેલ મહાકુંભમાં તેણે ૫ રાઉન્ડમાંથી ૪ રાઉન્ડમાં જીત મેળવી હતી. કર્ણાવતી ચેસ એકેડમી અમદાવાદમાં તેણે ૬ રાઉન્ડમાંથી ૪ રાઉન્ડમાં જીત હાંસલ કરી હતી. ગુજરાત રાજય ચેસ એસોસિએશન, અમદાવાદમાં તેણે ૭ રાઉન્ડમાંથી ૪ રાઉન્ડમાં તથા ભાનુભાઈ પંડયા મેમોરિયલ ચેસ ટુર્નામેન્ટ, ગાંધીનગરમાં ૭ રાઉન્ડમાંથી ૬ રાઉન્ડમાં જીત મેળવી હતી.

ગાંધીનગર ડિસ્ટ્રીકટ ચેસ સિલેકશનમાં ૪માંથી ૪ રાઉન્ડમાં જીત હાંસલ કરી પ્રથમ નંબર મેળવ્યો હતો. ખેલ મહાકુંભ-૨ ગુજરાત સરકારની ચેસ સ્પર્ધામાં ૫ રાઉન્ડમાંથી ૪ રાઉન્ડમાં જીત મેળવી હતી. કર્ણાવતી ચેસ એકેડમી અમદાવાદ રાયફલ કલબ દ્વારા યોજાયેલી ચેસ ટુર્નામેન્ટમાં ૫માંથી ૩.૫ પોઈન્ટ મેળવ્યા હતા અને ગાંધીનગર જિલ્લા એસોસિએશન દ્વારા યોજાયેલી ચેસ ટુર્નામેન્ટમાં ૫ રાઉન્ડમાંથી ૪ રાઉન્ડમાં જીત મેળવી પ્રથમ નંબર મેળવ્યો હતો અને ટ્રોફી મેળવી હતી.

નગરના ચેસ લિટલ માસ્ટર્સની નામના મેળવી રહેલા અગિયાર વર્ષના રૂદ્રને સમાજના અગ્રણીઓ તથા સ્વજનોએ અભિનંદનની વણઝાર મોકલી છે.

### કંપની સમાચાર

## અંસલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીને યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો

અંસલ પ્રોપર્ટીઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અંસલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીને યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો છે અને તે અંસલ યુનિવર્સિટી, ગુડગાંવ તરીકે ઓળખાશે. અંસલ યુનિવર્સિટીનાં પ્રથમ કુલાધિપતિ તરીકે ચિરંજીવ ચેરિટેબલ ટ્રસ્ટ અને અંસલ એપીઆઈના ચેરમેન શ્રી સુશિલ અંસલની નિયુક્તિ કરવામાં આવી છે.

ગુડગાંવના હાર્દસમા વિસ્તારમાં અંસલ યુનિવર્સિટીનો કેમ્પસ આવેલો છે. વિદ્યાર્થીઓને ભવિષ્યલક્ષી અભિગમ સાથેનું ગુણવત્તાસભર શિક્ષણ આપવા યુનુિવર્સિટી સમર્પિત છે. યુનિવર્સિટીએ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકારેલી પદ્ધતિઓ જેવી કે ઉદ્યોગ કેન્દ્રિત સમકાલીન અભ્યાસ અને બહુવિધ સ્પેશ્યલાઈઝેશન્સ આપવાના છે. આ ઉપરાંત લાઈવ પ્રોજેક્ટ્સ, ટ્રાન્સ ડિસીપ્લીનરી ઓપન ચોઈસીસ અને ઉદ્યોગસાહસિક બનવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે શિક્ષણ પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે.